Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# આધુનિકોત્તર ગુજરાતી દલિત ટૂંકી વાર્તા

ડો. જિજ્ઞેશ ઉપાધ્યાય

ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ

રાજકોટ

દલિત સાહિત્ય પ્રવાહ પોતાનો આગવો સ્વભાવ અને સ્વરૂપ ધરાવે છે. ગુજરાતી સાહિત્યમા આગવો પ્રભાવ અને પ્રકુતિ ધરાવતા આ પ્રવાહને પરંપરિત યુગ વિભાજનમા જોઇ શકાય નહિ. ૧૯૮૫ થી આરંભાય અને આજ સુધીમા તેના વિકાસનુ પોત પાતળુ અને વિવિધતા વિનાનુ અનુભવાય છે.

ગુજરાતી સાહિત્યમાં કથા પ્રવાહમા ગોવર્ધનરામ ‘કલ્યાણ ગ્રામ” ની કલ્પના સાથે પ્રવેશે, ગાંધીજી તેમની ગ્રામોધ્ધારના વિચારો સાથે નક્કર રૂપ આપે અને ગાંધીજીના વિચર અને ગાંધીવાદ થી પ્રભાવિત સાહિત્યકારો ‘ગ્રામચેતના’ને પોતાની કુતિમા પ્રાધાન્ય આપે.પરંતુ ત્યારબાદ ‘પોતાના મૂળ કૂળ તરફ “ જવાની દોટમા નારી ચેતના અને દલિત ચેતના જેવા બે મહત્વના સાહિત્યિક વલણ અસ્તિત્વમા આવે. પરંતુ આધુનિકોત્તર ગુજરાતી સાહિત્યમા આજે એ સમજાય છે કે ગ્રામ ચેતના હોય,નારી ચેતના હોય કે દલિત ચેતના અંતે તો આ તમામ વલણો પોતાના મૂળ કૂળ ,કલ્યાણગ્રામ’નો જ ભાગ છે.

દલિત ટૂંકી વાર્તાની વાત કરીએ તો સૌપ્રથમ ૧૯૮૬મા જોસેફ મેકવાન દ્વારા ‘સાધનાની આરાધના’નામે વાર્તા

સંગ્રહ મળે છે. પરંતુ આ વાર્તાઓને લેખકે દલિત વાર્તા તરીકે ઓળખાવી નથી, અને આ વાર્તા સંગ્રહના પ્રાસ્તાવિકમા લેખક કહે છે."મારા લેખનને મે નિરુદ્દેશ્ય ક્યારેય નથી માન્યુ,સાહિત્ય સર્જનને મે નિજાનંદનો શોખ કદી એ નથી માન્યો...હુ લખુ છુ જીવન પ્રત્યેની પ્રતિબધ્ધતાથી સચ્ચાઇ પ્રત્યેના સ્નેહ થી અનુભૂતી પ્રત્યે ઇમાનદાર રહેવુ મને હમેશ ભાવ્યુ છે.(શ્રી જોસેફ મેકવાનનો સધનાની આરાધના' વાર્તા સંગ્રહની પ્રસ્તાવના) પરંતુ ૧૯૮૭માં 'ગુજરાતી દલિત વાર્તા' સંગ્રહ હરઈશ મંગલમ અને મોહન પરમાર સંપાદિત કરે છે. અને સંપાદકો જણાવે છે કે 'ગુજરાતી વાર્તામા આજ સુધી જે અનુભવનુ કલામા રૂપાંતર થયુ ન હતુ તેવા અનુભવોને ગુજરાતી વાર્તામા લાવવાનો આ સંગ્રહ દ્વારા અમારો પ્રયાસ છે.

કવિતાને મુકાબલે ટૂંકી વાર્તામાં દલિત સાહિત્યએ અસાધારણ કહી શકાય એવું ગજુ કાઢ્યું છે.પ્રારંભની વાર્તાઓમા ને આજની વર્તાઓમા નજરે ચડે એવો ભેદ તે એની સંકુલતાનો અને સ્વસ્થ બનતા જતા મનોવલણનો છે. વાર્તામા ઘટના પાત્રો અને પરિસ્થિતિઓનુ સંયોજન નક્કર મુદ્દા ઉપસાવે છે. પન્નાલાલ જેને 'પ્રત્યક્ષીકરણ' કહેતા એ કળા તો દલિત વાર્તાકારોને લગભગ કલમ વગી છે જ પણ પ્રશ્ન છે,વિષય વૈવિધ્યનો, જેમ કવિતામા કેટલાક વળગણો ઘર કરી ગયા છે તેમ વાર્તામા પણ સવર્ણો દ્વારા થતા દેખીતા અન્યાયો, અસ્પૃશ્યતા, શારિરીક શોષણ અને સતત થતી અવમનના જેવી બાબતો કારમી હકીકત હોવા છતા દલિતસર્જક હવે એમાથી જો નવા પરીણામો પ્રગટાવી શક્તો ન હોય તો ચૈતસિક ભૂમિકાએ વધુ સૂક્ષ્મતા તરફ જવાનો પણ સમય થઇ ગયો ગણાય.વાર્તા કહી દેવાની રીતે લખી દેવાને સ્થાને "રચના" કરવાનો ઉપક્રમ સધાવો જોઇએ, કોઇ વિષય ક્યારે ય નવો કે જૂનો નથી હોતો એની માવજતમા ને અર્થઘટનમા જો કઇ નવુ પ્રગટતું હોય તો કહેવાતી કોઇ જૂની વાતનો છોછ ના હોઇ શકે.અલબત્ત તરોતાજા અને વિવેચક્ને માટેપણ પડકાર રૂપ બને એવી વાર્તાઓ મોહન પરમાર,દલપત ચૌહાણ,હરીશ મંગલમ,જોસેફ મેકવાન કે ધરમાભાઇ શ્રીમાળી અને અન્ય વાર્તા કારો પાસેથી પણ સાપડી છે. અને સાહિત્ય જગતે એની ઉચિત નોંધ પણ લીધી છે.

અન્ય કોઇ પણ સાહિત્ય સ્વરૂપની તુલનાએ દલિત વાર્તામા ગુણવત્તા અને ઇયત્તાની રીતે જેટલું નક્કર પ્રગટી આવ્યુ છે. એટલું અન્ય સ્વરૂપોમા પ્રગટ્યુ નથી.એ એક સરખા આનંદ અને દુ:ખની બાબત છે.

૧૯૮૦ પછી ગુજરતી ટૂંકીવાર્તાની રૂખ પલટાવા માંડી,તેમા દલિત વાર્તાનો ફાળો અનન્ય છે.તેમ કહેવામા જરાય અતિશયોક્તિ નથી,ગુજરાતી ટૂંકી વાર્તામા તળપદી શૈલી અને બોલીનો વિનિયોગ થવા માંડ્યો છે.તે પણ દલિત વાર્તાની દેણ છે.આ વાર્તાઓ વિષય વસ્તુની વૈવિધ્ય પૂર્ણ માવજતના કારણે નોંધ પાત્ર છે.દલિતના મૂળભૂત પ્રશ્નો અને અસંખ્ય અન્યાયો સામે સંઘર્ષ કરવાની પ્રેરણા રૂપે દલિત વાર્તાનો જન્મ થયો છે.તેમ છતા દલિત સાહિત્યની યોગ્યતા સિધ્ધ કરવા અને પૂરી મક્કમતા થી પોતાની વિચાર ધારા વાર્તામા વહેતી મૂકવામાટે દલિત વાર્તાકારોએ મથામણ કરવી પડશે.ગુજરાતી સાહિત્યમા દલિત વાર્તાનો ઉદભવ પડકાર રૂપ છે.તેમ છતા આ વાર્તાઓ નવી તાજગી આપે છે.અને ગુજરાતી ટૂંકી વાર્તા ક્ષેત્રે એક નવી દીશા ખોલે છે.આમ વિગતોની પ્રસ્તુતતા શબ્દ પંસંદગી પ્રતિકાત્મક રીતે વિચાર કે લાગણી ની અભિવ્યક્તિ દલિત જીવનની તળવિગતો મૂકી દલિત સમાજ્નુ વૈશિષ્ટ્ય વાર્તાને ઉપકારક રીતે ઉપસાવવુ એ સૌમા આ વાર્તાકારોની સભાનતા તરત દેખાઇ આવે છે.'નકલંક',બદલો','વિલોપન','દાયણ' જેવી વાર્તાઓ એ રીતે વિશેષ નોંધ પાત્ર બને છે.આમ ગુજરાતી સાહિત્યમા વાર્તા ક્ષેત્રે, આ રચનાઓ નોંધ પાત્ર બની રહે છે.

'દલિત ગુજરાતી વાર્તા-૧૯૯૫- સંપાદક અજિત ઠાકોર અને રાજેન્દ્ર જાડેજા આ સંગ્રહ્મા ૧૩ વાર્તાઓ જેમા દલિત જન સમાજનુ સ્વાત્માવિષક ચિત્રણ છે. શોષણ છે, દમન છે, સંઘર્ષ છે અને પરિવેશ છે. દલિત સમાજની સ્પષ્ટ મુદ્રા પ્રગટ થાય છે. આમ આ વાર્તાઓ કથ્ય, કથન કેન્દ્ર,કથન રીતિ,વસ્તુ વિધાન.ભાવવિધાન, ભાષા, દલિતવાસ્તવ અને દલિત ચિંતનની વિવિધ શાક્યતાઓ ચિંધે છે.આજ્ની ગુજરાતી સંવેદનાનો આ એક મહત્વનો અંશ છે. એજ રીતે 'પ્રતિનિધિ દલિત વાર્તા'- સંપાદક હરીશ મંગલમ ૧૯૯૭મા આપે છે.૧૨ વાર્તાઓ છે.વિષય દલિતજનનો છે. તેમજ સર્જકો પણ દલિત વર્ગના છે. વેદના છે,વિદ્રોહ છે,આક્રોશ છે.પરિવેશ છે.આ

બધુ જ વાર્તામા કળાના માર્ગે પ્રગટ થયુ છે. જેમા સંપાદકિય દ્રષ્ટી પણ ધ્યાન દોરે છે. આકર્ષક ગ્રંથ છે. નિવડેલી વાર્તાઓ છે. આ સંપાદન આપણ ને તિરસ્કુત વર્ગના ઘણા બધા ચહેરા વચ્ચે મુકી આપે છે.ભાવકને અનેક સ્થળે થોભવુ પડે અંદર રગદોળાવુ પડે હ્રદયની ધબક વધીજાય કે આંખ ભીની થઇ જાય, એવી સમૃધ્ધિ પણ આ વાર્તાઓમાં છે.દલિત વિશે લખનારાઓએ હવે જાણે કલાપૂર્ણ વાર્તાઓ આપવાનુ બીડું  ઝડપ્યું હોય 'સાહિત્ય' વિશેની તેમની સજગતા વધી હોય તેવુ પણ કેટલુક સંતર્પક અહીં મળી રહે છે.'વણબોટી વાર્તાઓ' સંપાદક દલપત ચૌહાણ (૨૦૦૦) આ ૩૫ વાર્તાઓનો સંગ્રહ છે.જેમા સંપદક નોંધે છે "સમાજના અછૂત કે અજાણ્યા રહી ગયેલા સમાજ્ની કથાઓ છે.તે સમાજ ના સુખ દુ:ખ ,વ્યથા કથા અને સમાજ ચિત્રણ સુધી લઇ જશે. અહીં ગ્રંથસ્થ કરવામા આવેલી વાર્તાઓ છેવાડાના માનવીઓની વાર્તાઓ છે"

દલિત સર્જકના વ્યક્તિગત વાર્તા સંગ્રહો પણ મળ્યા છે.જેમા મોહન પરમારના વાર્તા સંગ્રહ 'નકલંક'(૧૯૯૧) અને 'કુંભી'(૧૯૯૬) માત્ર દલિત સાહિત્યમા જ નહિ,ગુજરાતી વાર્તા સાહિત્યમા પણ નોંધ પાત્ર છે.જેમા 'નકલંક'આંધુ',તણખલું',હિરવણુ,'વાયક',પટરાણી,'વેઠિયા,જેવી ઉત્તમ કલાત્મક વાર્તાઓ છે.બન્ને સંગ્રહોમા મુખ્યત્વે ગ્રામ્ય પ્રદેશનુ કથા વસ્તુ છે.કથન અને નિરુપણમાં લેખક સિધ્ધ હસ્ત વાર્તાકાર છે.લેખક સામાજિક વાસ્તવ સાથે ખૂબ ઝીણવટ થી અને સફળતા પૂર્વક કામ લે છે. કલાત્મક અને છતાયે લોકપ્રિય વાર્તા માટે મોહન પરમાર સફળ વાર્તાકાર છે.'"ઘણા સમય સુધી બંધિયાર થઇ ગયેલ ગુજરાતી વાર્તા વિશ્વમા શ્રી મોહન પરમાર એક સશક્ત હસ્તાક્ષર તરીકે ઉપસ્યા છે.'" એજ રીતે કુંભી વાર્તા સંગ્રહ વિશે શરીફા વિજળીવાળા લખે છે.'કુંભી'વાર્તા સંગ્રહ મોહન પરમારને આ દાયકાના નોંધ પાત્ર વાર્તાકાર તરીકે સ્થાપિત કરવા સક્ષમ છે. એમાં બે મતના હોય શકે"

'સપારુ પહેરવાનુ મન ,અંતર વ્યથા'. ઘર.'મત્સગંધા,'અને એકલવ્ય જેવી સશક્ત વાર્તાઓનો સંગ્રહ 'અંતર્વ્યથા'(૧૯૯૬)મા પ્રવીણ ગઢવી આપે છે.શ્રી જોસેફ મેકવાન પ્રસ્તાવનામા લખે છે.-'આ વાર્તાઓમા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ગ્રામીણ અને શહેરી એમ બે પરિસ્થિતિઓ કથાતંતુના પરિસર તરીકે વર્ણવાઇ છે.વાર્તાઓ માંડવાની અને કથાને વહેવડવવાની વાતે પૂરો કસબ દાખવી રહી છે'. ધર્માભાઇ શ્રીમાળીના 'સાંકળ' (૧૯૯૭) અને 'નરક'(૨૦૦૩)વાર્તા સંગ્રહોમા પરિવેશ પાત્રો વાણી વર્તન અર્થ સંકેત કલાની પ્રવિધેઓ વિષય વૈવિધ્ય બલિષ્ઠ ઉન્મેષો વિશેષ ધ્યાન દોરે છે.'મહારાજ,'ભવાઇ'.નવી'.સાંકળ'.રણકો'.હુ જોરુ ભા નથી'.જેવી સફળ વાર્તાઓ મળે છે.તેમની કલમમા અનેક સંભાવનાઓ છતી થાઇ છે.તેઓ સફળ અને આશાસ્પદ વાર્તાકાર છે. જ રીતે રાઘવજી માધડનો 'સંબંધ'નામનો વાર્તા સંગ્રહ ઉલ્લેખનીય છે. 'સૂરજને કહો','છેહ,'જેરુડી,'રખોપુ',ઝંખના,'પ્રતીક્ષા,'જીવતર,'જેવી સંગ્રહમા ધ્યાન પાત્ર વાર્તાઓ છે.તેમની વાર્તાઓમા કળાસૂત્ર અને શક્તિના દર્શન થાય છે.તેમની વાર્તાઓમા વંચિતોની વેદનાને વાચા મળે છે.'રામલી,'દુર્ગા,'અને રાતી રાયણની રતાશ જેવી સબળ વાર્તાઓ સાથે વાર્તાકાર બી.કેશવશિવમ 'રાતી રાયાણની રતાશ' વાર્તા સંગ્રહ આપે છે,તેમની વાર્તાઓમા પ્રવાહી શૈલી બોલીનો વિનિયોગ અને સ્વાનુભૂત સંવેદનની અભિવ્યક્તિ અને સામાજિક પ્રતિબધ્ધતા ધ્યાનાકર્ષક છે. એવો જ સબળ અને સશક્ત વાર્તાકાર માવજી મહેશ્વરીનો નોંધ પાત્ર વાર્તા સંગ્રહ મળે છે.

ચંદ્રાબેન શ્રીમાળી 'ચણીબોર'(૧૯૯૮) અને 'ચકુનો વર' (૨૦૦૩) વાર્તા સંગ્રહ આપેછે.સામાજિક પરિવેશ સરળ અને સાદી શૈલી સૂક્ષ્મ ભાવો વ્યક્ત કરતો જીવન વ્યવહાર અને સ્વાનૂભૂતિઓના કલાત્મક સ્વરૂપ આપવાનો લેખિકાનો પ્રયાસ પ્રશસ્ય છે, જ રીતે ગ્રામ્ય જીવન અને ગ્રામ્ય ચિત્ર તેમજ દલિત પ્રતિબધ્ધતા ધરાવતી વાર્તાઓનો સંગ્રહ 'તોરણ'(૧૯૯૯) નામે શ્રી રમણભાઇ વણકર આપે છે.

હરીશ મંગલમનો વાર્તાસંગ્રહ 'તલપ'(૨૦૦૧)માં માનવીય વ્યથા પીડા અન્યાય અસમાનતા અસ્પૃશ્યતા સમસ્યા વગેરે સામગ્રી રૂપે દલિત પરિવેશ ધરાવતી વાર્તાઓ મળે છે.જેમા 'દાયણ,'તલપ',ઝોળ'.ને ઉટાટિયો' જેવી કલાત્મક વાર્તાઓનો સમાવેશ થાય છે. એવો જ સબળ વાર્તાકાર દશરથ પરમારનો "પારખુ'" (૨૦૦૧)

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

વાર્તા સંગ્રહ મળે છે.તેમની વાર્તાઓમા અભિવ્યક્તિની સૂક્ષ્મતા અનુભૂતિની તીવ્રતા,અને એમાથી પ્રગટ થતુ સમાજ દર્શન તેમને સફળ વાર્તાકાર બનાવે છે.'ગીધાનુભૂતિ.'જાકારો',પાટ'ત્રીજુ ઘર'.પારખુ. અને સાંધળી,જેવી ઉત્તમ વાર્તાઓ સાંપડી છે.ભી.ન.વણકરનો 'વિલોપન'(૨૦૦૧) વાર્તા સંગ્રહમા વિષય વસ્તુની વૈવિધ્ય પૂર્ણ માવજત અને સર્જન લક્ષી રચના તંત્ર દલિત જીવનની તળ વિગતો સામાજિક સંવેદના વિગેરે વિશેષ ધ્યાન માગે છે.'વિલોપન,'ગોરુ ચંદન','પત્ર',ધારવઇ',અને વંટોળ',જેવી ઉલ્લેખનીય વાર્તાઓ મળે છે. એજ રીતે સબળ અને સશક્ત વાર્તાકાર દલપત ચૌહાણ 'મૂંઝારો'(૨૦૦૨) વાર્તા સંગ્રહ લઇ આવે છે. તેમની વાર્તાઓમા સ્વાનુભૂત દલિત પરિવેશ છે. દલિત સંવેદના છે.સર્જનલક્ષી માવજત છે.સામાજિક પ્રતિ બધ્ધતા છે.નિવડેલા સર્જક્ની કલમે 'બદલો'.દરબાર,'મૂંઝારો',બાનુ મૃત્યુ', એરૂં ઝાંઝરુ', બા વાળુ આલજો','ગંગા મા'.ઠંડુ લોહી,'હડકાયુ કૂતરુ',જેવી સફળ અને કલાત્મક વાર્તાઓના આ લેખક્મા અનેક સંભાવનાઓ છતી થાય છે.

ઉપરાંત મધુકાંત કલ્પિત ,હરિ પાર,યશવંત વાઘેલા ,પથિક પરમાર,અરવિંદ વેગડા,રમણ વાઘેલા,અને મૌલિક બોરીચા અનિલ વાઘેલા,કે.કે.વૈષ્ણવ.દિનેશ હડિયલ,રમેશ દેવમણિ,સ્વપ્નિલ મહેતા,ડો.શિલાસ પટેલિયા,વશરામ દાફડા,વગેરે વાર્તાકારો ઉલ્લેખનીય છે.

આમ "ગુજરાતી દલિત સાહિત્યના જો કોઇ સાહિત્ય સ્વરૂપમા સત્વશીલ ખેડાણ થયુ હોય તો તે છે વાર્તા,૧૯૮૦ પછી ઠીક્ઠીક પ્રમાણમા દલિત વાર્તાઓ રચાતી આવી છે.૧૯૮૭મા ગુજરતી દલિત વાર્તા પુસ્તકના સંપાદન પછી તો ગુજરતી દલિત વાર્તા વિપુલ પ્રમાણ મા લખાવા માંડી છે.ને એની ખાસી એવી નોંધ પણ લેવાય છે, કળામય અભિગમ વાર્તાનુ મૂળભૂત પાસુછે ગુજરાતી દલિત વાર્તામા કળામય શક્યતાઓનો સ્વીકાર થવા માંડ્યો છે.દલિત વાર્તામા કરેલી ઝીણી ઝીણી કળાકોતરણી અંતે તો દલિત સમસ્યાઓને જ પીઠ બળ પૂરુ પાડવામા સહાયક બને છે. લેખક અદભૂત કળામય શક્યતાઓ વાર્તામા ચીંધી બતાવે પણ દલિતોની સમસ્યાઓનો છેદ ઉડતો હોય તો તેને દલિત વાર્તા ગણીશકાય નહી. અહી દલિત વાર્તા ગુજરાતી વાર્તાથી

અલગ છે. તેમ કહેવાનો કોઇ આશય નથી. પરંતુ દલિત વાર્તાએ તેની આગવી ઓળખ ઉભી કરી છે."ત્યારે ગુજરાતી સહિત્યમા દલિત વાર્તાનો એક ઊજળુ પ્રકરણ અવશ્ય નોંધાશે જ.

દલિત સહિત્યે દલિતોમા જે અસ્મિતા ઉત્પન કરી તે અસ્મિતાએ તેમને પોતના જીવનની ભયાનક વિદ્રુપ તથા જુગુપ્સામય જીવના અવસ્થાનુ દુઃખ સીધેસીધુ વ્યક્ત કરવાની સામર્થ્ય  આપ્યુ શબ્દોનુ તથાકથિત સૌંદર્ય ,છંદોનો સંયમ લયની તરલતા, લક્ષણા તેમજ વ્યંજનાની સમૃધ્ધિ રૂપવિષયક બોધનુ અભિજાત્ય વગેરેની પરવા ન કરતા પોતના મનનો આશય આક્રમક અને ઉગ્રભાષામા  વ્યક્ત કરનારી ટૂંકી વાર્તા ઓના રૂપે પ્રબળ આવેશમા વ્યક્ત થયો આંશિક રૂપે જીવનની હટીત ઘટીત ઘટ્નાઓનુ નિરૂપણ કરનારી વાર્તાઓ રૂપે તે પ્રગટ થયો. ક્યારેક નવલકથા કે નાટ્ક્ના રૂપે પણ પ્રગટ થયો.

પોતાના વ્યકિતગત જીવન વિષે કંઇક કઇ લીધા પછી અનુભાવાભિવ્યકિતની  પ્રક્રિયામા કંઇક ખાલીપો પેદા થાય છે. પરિણામે પહેલી રચના પછીના નિર્માણમા  તે જુસ્સો દેખાતો નથી.

કોઇ પણ લેખકને મહાન બનવા માટે મનુષ્યના  વિવિધ રૂપોની શોધ કરવાની જિજ્ઞાસા અને કલ્પના શકિત અનિવાર્ય હોય છે. પોતાની સ્વકેન્દ્રિયતા અથવા આત્મપ્રેમ ભૂલીને બીજાઓની મનઃસ્થિતિ ઓમા પરકાયા પ્રવેશ કરવો પડે છે. તે માટે પ્રતિભાનુ તેજ તો આવશ્યક છે જ,પરંતુ તેનીજ સાથે સ્વકેન્દ્રિયતાને ઠુકરાવીને મનવ મનના વિવિધ રંગ તરંગોમા હળીભળી જ ઇ ને નવા રંગોને અપનાવવાની જલ વુત્તીની આવશ્યકતા છે. દલિત લેખક્ને મળતી  પારિવારીક પરિસ્થિતિ આની પ્રતિકૂળ છે.વિશાળ મનવતા વડે સહાનુભૂતિનો અનુભવ પારિવારિક સંબધો ,મિત્રતાના સંબંધો તથા સામાજિક સમસ્યાઓના પડકારોને સ્વીકારીને સમાજના વિધ્યમાન યથાર્થ સાથે સંપર્ક કરવામા ઉપ્લબ્ધ થાય છે. માત્ર પોતાને મળેલા અન્યાયપૂર્ણ અનુભવોથી ક્રોધીત થ ઇ તૂટી પડવામા નહી.આ ત્રણ  સ્તરે દલિત વાર્તા તપાસવામા અવે તો વિશેષ સંતોષનો અનુભવ કરાવનાર કશુ જ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

હાથ લાગતુ નથી.

આજે પણ દલિત સાહિત્ય સીમિત શા માટે છે તેના કારણની સાચી સમીક્ષા કરતી વખતે ઉપરોક્ત બબતો નો વિચાર કરવો જરૂરી છે. તમે અમોને પારિવારિક પ્રેમ પૂર્ણ વતાવરણ જ નથી આપ્યુ ઘર પણ નથી આપ્યુ, જમીનનો ટૂકડો પણ નથી મળ્યો સમાજે ક્યારેય ભારતીયતા જ આપી નથી તો પછી અમારા સાહિત્યમાથી આ અપેક્ષા કેમ રાખી રહ્યા છો. ? આ પ્રશ્ન ખૂંચે એવો અને અપરાધ બોધ  ઉત્પન્ન કરનારો અવશ્ય છે. પરંતુ એ પણ સાચુ છે કે કોઇ પણ લેખક ને મહાન બનતી વખતે  મહાન લેખન કરવા માટે ચારે બાજુ ઉભી કરવામા અવેલી જેલની ઉંચી દિવાલોને તોડવી જ પડે છે, કેમકે સાહિત્ય માત્ર સમાજ્નુ પ્રતિબિંબ નથી હોતુ સહિત્યકારના સહિત્યિક વ્યક્તિત્વનુ તે પ્રભાવ પૂર્ણ અનેક સ્તરીય બહુ આયામી અભિવ્યંજન હોય છે. તેથી દલિત સાહિત્યકારોની મહત્વ પૂર્ણ સમસ્યા સમુધ્ધ વ્યક્તિત્વ પ્રાપ્ત કરવાની છે.

બાબા સાહેબ આંબેડકર્નાં આ શબ્દો નોંધ પાત્ર છે. “ સાહિત્યકારોને હુ આગ્રહ પૂર્વક કહેવા માગું છુ કે તમારા સાહિત્ય સર્જન દ્વારા ઉદાત્ત જીવન મૂલ્યો અને સાંસ્કુતિક મૂલ્યોનો વિકાસ કરો.તમારા વિચારો સંકૂચિત કે સીમિત ન રાખતા તેમને ઉદાર અને ઉદત્ત બનાવો તમારી વાણીને ચાર દિવાલોમાથી મુક્ત કરો તમારી કલમ્નો પ્રકાશ તમારા જ આંગણામા મર્યાદિત ન રાખતા ગામેગામના ગહન અંધારા દૂર કરવા ,ચોમેર ફેલાવો તમારે ભૂલવુ ન જોઇ એ કે આપણા દેશમા ઉપેક્ષિતોનુ દલિતોનુ અને દીન દુઃખીયારાઓનુ એક અલગ વિશ્વ છે. તેમનુ દુઃખ તેમની વ્યથા સમજો અને સાહિત્ય દ્વારા તેમનુ જીવન ઉન્નત બનાવવા તમે તમારી સર્જન શક્તિ સમર્પિત કરો ખરી માનવતા એમા જ છે.

બાબા સાહેબના આ વિચારોમાં જ આધુનિકોત્તર ગુજરતી દલિત વાર્તાનુ ખરુ સ્વરૂપ અને વિકાસ સમાયેલો છે.

## સંદર્ભ ;

૧. 'સાધનાની આરાધના'-જોસેફ મેકવાન

૨ ગુજરતી દલિત વાર્તા એક ચર્ચા- મોહન પરમાર

૩.'પ્રતિનિધિ દલિત વાર્તા' સંપદક હરીશ મંગલમ –પ્રસ્તાવના લેખ પ્રવીણ દરજી

૪ દસમો દાયકો જુલાઇ ૧૯૯૨

૫ ફાર્બસ ગ.્સ.્ત્રૈમાસિક  જન્યુ. ૧૯૯૮  લેખ શરીફા વિજળીવાળા

૬. 'ગુજરાતી દલિત સાહિત્ય સ્વાધ્યાય અને સમીક્ષા 'સંપાદક- મોહન પરમાર, હરીશ મંગલમ

૭. વીસમી સદીનુ ગુજરાતી દલિત સાહિત્ય '-મોહન પરમાર

૮. અનુસંધાન' ભી.ન.વણકર

૯. સાહિત્ય ઓર દલિત ચેતના' મહિપતસિંહ ચૌહાન

૧૦.દલિત સાહિત્ય એક ચિંતન' ગો.લ.કુલકર્ણી.

૧૧. શબ્દ સુષ્ટિ 'દલિત સાહિત્ય વિશેષાંક  નવેમ્બર ૨૦૦૩